...તી જાણકારી :-
...ત્યંત જરુરી.

વસ્તી ગણતરી. ૧૯૯૧
બીજા તબકકાની વ્યકિતગત ગણતરી
માટે કર્મચારીઓને ફરજ પર ગણવા બા...

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:વસત-૧૦૮૯-૧૩૨૫-ખ-૩
સચિવાલય, ગાંધીનગર
તા.૬-ડીસે.૧૯૯૦

વંચાણમાં લીધા :-

૧: સા.વ.વિ.નો તા.૧૫-૫-૯૦ના પરિપત્ર ક્રમાંક:વસત-૧૦૮૯-૧૩૨૫-ખ-૩
૨:સા.વ.વિ.નો તા.૪-૧૦-૯૦ ના પરિપત્ર ક્રમાંક:વસત-૧૦૮૯-૧૩૨૫-ખ-૩

:: પરિપત્ર ::-

સને.૧૯૯૧ ની વસ્તી ગણતરીનું કાર્ય જાન્યુઆરી-૯૦ થી શરુ થયેલ છે. ...સ્તી ગણતરીનું કાર્ય બે તબકકામાં વહેંચાયેલુ છે. પ્રથમ તબકકાનું કાર્ય સંપુર્ણ ...લ છે. અને વસ્તી ગણતરીનું બીજા તબકકાનું વ્યકિતગત ગણતરીનું કાર્ય ફેબ્રુઆરી ...માં શરુ થનાર છે. આ કામગીરી સરળતાપુર્વક અને સફળતાપુર્વક પાર પડે ...માટે સરકારી કર્મચારી/અધિકારીઓને નવેમ્બર.૯૦ થી જાન્યુ.૯૧ સુધી ...ની તાલીમ આપવાની હોય છે. વસ્તી ગણતરીની કામગીરીમાં રોકાયેલ ...ચારીઓને નીચે મુજબ સવલતો આપવામાં આવશે.

(૧) જે કર્મચારીઓને ગણતરીદાર અને નિરીક્ષક તરીકે નિમવામાં આવે તેમને તાલીમ આપવાની હોય છે અને આ તાલીમના સમયને 'ફરજ પર હાજર ગણવાનો રહેશે.

(૨) વસ્તી ગણતરીની દ્વિતીય તબકકાનો વ્યકિતગત ગણતરીની કામગીરી તા.૯-૨-૯૧ થી તા.૫-૩-૯૧ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે. જે અધિકારીઓ/કર્મચારીઓ આ કામગીરીમાં રોકાયેલ હોય તેમને તા.૯-૨-૯૧ થી તા.૨૮-૨-૯૧ સુધી તેમજ વસ્તી ગણતરીના તારીખ ૧-૩-૯૧થી તા.૫-૩-૯૧ ના આખરી તબકકા માટે ફરજ પર હાજર ગણવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી :-અવાચ્ય.
(જ.અ.પંડયા)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર,